R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં. (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રી: મિનાક્ષી ધોળકીયા

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦(૩૦૮) સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR- 23•ISSUE: 15 DATE: 13-04-2019•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## નમો ટીવી પરથી રાજકીય કન્ટેન્ટ હટાવવા માટે ચુંટણી પંચનો આદેશ

ચુંટણી પંચે તત્કાળ અસરથી વડાપ્રધાન મોદી માટેના નમો ટીવી પરથી પ્રસારિત થતી રાજકીય કન્ટેન્ટને અટકાવી દેવાનો આદેશ કર્યો છે. જો કે આ પહેલા આ ટીવીનો ભરપુર લાભ લઈ લેવાયો છે.હવે નમો ટીવી પરથી કોઇ રાજકીય કન્ટેન્ટ જોવા નહીં મળે. પંચે કહ્યુ છે કે આ ચેનલ ભાજપ ચલાવી રહ્યું છે અને તેની સાથે એવું પણ કહ્યુ હતું કે આ ટીવી પર ચાલનારા કન્ટેન્ટ માટે અગાઉથી પરવાનો લેવામાં આવ્યો નથી. આ ચેનલ પરથી ઉપલબ્ધ કન્ટેન્ટ સંપુર્ણ રીતે રાજકીય છે અને તે આચાર સંહિતાના અધિકારક્ષેત્ર હેઠળ આવે છે. ચુંટણી પંચે સુચના આપતાં કહ્યુ છે કે આ ટીવી પર ચલાવવામાં આવનાર કોઈ પણ કન્ટેન્ટ માટે અગાઉથી મંજુરી લેવામાં આવે.

ઉલ્લેખનીય છે કે ચુંટણીથી થોડાક દિવસ અગાઉ તમામ ડીશ ટીવી પ રથી નમો ટીવીનું પ્રસારણ કરવામાં આવી રહ્યું છે. આ ટીવી પર પીએમ મોદીની રેલીઓ અને ભાષણનું ૨૪ કલાક પ્રસારણ કરવામાં આવતું હતું. પીએમ મોદી પર આધારિત ફિલ્મના પ્રદર્શનને અટકાવી દેવાની પંચે આદેશ આપ્યો છે.

ચુંટણી પંચે નમો ટીવીના પ્રસારણ પર પ્રતિબંધ મુકવાની જાહેરાત કરી હતી. પંચે કહ્યુ હતું કે કોઈપણ સામગ્રી જે ચુંટણીમાં તમામ દાવેદારોને સમાન અવસર ઉપલબ્ધ કરાવવાથી મેળ ન ખાતી હોય તેનું પ્રસારણ ન કરવું જોઈએ. એવા કોઈપણ પોસ્ટર અથવા સબંધિત પ્રચાર સામગ્રી જે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ચુંટણીના હેતુઓને આગળ ધપાવે છે તેનો આદર્શ સંહિતાવાલા વિસ્તારોમાં ઈલેક્ટ્રોનિક મીડીયામાં પ્રસારણ ન થવી જોઈએ.

## પ્રથમ તબક્કાનું લોકસભાનું મતદાન એકંદરે છુટપુટ ઘટનાઓ બાદ આકરી ગરમીમાં પણ પત્યું

૨૦૧૯ની લોકસભાની ચુંટણીના પ્રથમ તબક્કામાં ૯૧ લોકસભાની બેઠકોનુ મતદાન પુર્ણ થયું.પ્રથમ તબક્કાનું મતદાન હિંસાપુર્ણ રહ્યું છે. એક મહિના સુધી ચાલનારા સાત તબક્કામાંથી પ્રથમ તબક્કાના મતદાનમાં અનેક સ્થળોએ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનોમાં ગરબડ,મતદાર યાદીમાંથી નામો ગુમ થવા અને વ્યાપક પ્રમાણમાં હિંસાના અહેવાલોએ શાંતિપુર્ણ મતદાનની આશા ઠગારી નીવડી છે.આંધ્રપ્રદેશમાં હિંસામાં ત્રણ વ્યક્તિઓના મોત નિપજ્યા હતા.૯૧ બેઠકો પર લગભગ ૬૬ ટકા સુધીનું મતદાન થયાના અહેવાલો મળી રહ્યા છે.ગરમીમાં પણ મતદારોએ ઉત્સાહ જાળવી રાખીને મતદાન કર્યું હતું.જો કે ગત વખત કરતાં આ વખતે આઠ ટકા મતદાન ઓછું થયુ હોવાની ગણતરીઓ કરાઈ છે.

ઓડીસામાં મતદારોની સલામતીના મુદ્દે સરકારનો વિશ્વાસ મતદારોને મતદાન મથકો સુધી લઈ જવા માટે સક્ષમ નીવડ્યો નથી.ઓડિશામાં ૬ બુથ એવા પણ હતા કેજ્યાં મતદાન માટે એકપણ મતદાર પહોચ્યો નહોતો. રાજ્યના ચુંટણી અધિકારીઓ જણાવે છે કે મલ્કાનગીરી જિલ્લાના ચિત્રકોડામાં છ બુથોમાં લોકો મતદાન કરવા આવ્યા જ નહોતા.નકસલીઓની બીકે લોકો મતદાન કરવા ઘરની બહાર નિકળ્યા જ નહોતા. અનેક સ્થળોએ મતદારોના નામ યાદીમાંથી ગુમ થયાની ફરિયાદ પણ ઉઠવા પામી હતી.

## આખરે ઇક્વાડોરે શરણાગતિ માંગેલ જુલિયન અસાંજેને મુક્ત કરતાં તેની ધરપકડ શક્ય બની

વિકિલીક્સના સંસ્થાપક જુલિયન અંસાજેની લંડન સ્થિત ઈકવાડોર દુતાવાસ કચેરીથી ધરપકડ કરાઈ છે. અસાંજેએ છેલ્લા સાત વર્ષથી અહીં શરણ લીધું હતું.જાતીય સતામણીના એક કેસમાં સ્વીડનમાં પ્રત્યાર્પિત થવાથી બચવા માટે અંસાજેએ દુતાવાસને પોતાનું ઠેકાણું બનાવી દીધું હતું. દક્ષિણ આફ્રિકી દેશે અસાંજેને શરણાગતિ પાછી ખેચી લેતાં તેની ધરપકડ શક્ય બની હતી.કોર્ટમાં હાજર નહીં થવા બદલ તેમની સામે વોરંટ જારી કરવામાં આવ્યું હતું.જેને પગલે તેની ધરપકડ કરાઈ હતી. અસાંજેએ ૨૦૧૦માં મોટી સંખ્યામાં અમેરિકાના ગુપ્ત દસ્તાવેજો જાહેર કર્યા હતા.એ પછી સ્વીડને અસાંજે પરથી સેકસ ગુનાથી જોડાયેલો કેસ હટાવી દીધો હતો.જો કે એ પછી અસાંજે દુતાવાસમાં જ રહ્યા હતા કેમકે જામીનનો કેસ ખત્મ થઈ જતાં લંડનમાં તેના પર ધરપકડની તલવાર લટકતી હતી.

છેલ્લા ૧૦ વર્ષથી તેઓ ચર્ચામાં રહ્યા છે.કેટલાક લોકો તેમને બહાદુરીભર્યું કેરેકટર માને છે. તો અમેરિકા તેમનો દુશ્મન માનો છે.સ્વીડનમાં જાતીય હુમલા અને રેપ કેસમાં તપાસનો સામનો કરી રહેલા અસાંજેએ શરણાગતિ માંગી હતી અને તે ઈક્વાડોરના દુતાવાસમાં એક નાનકડા એપાર્ટમેન્ટમાં રહેતો હતો. જો કે તેની સામેનો ગુનો સ્વીડને છેવટે પાછો ખેંચી લીધો હતો. તેણે પોતાની સામેના આરોપો નકારી કાઢ્યા હતા અને કહ્યુ હતું કે આ તમામ આરોપો રાજકીય રીતે પ્રેરિત હતા. અસાંજેને એવી ભીતિ કાયમ રહી છે કે તેને અમેરિકાને પ્રત્યાર્પિત કરી દેવામાં આવશે. નાગરિકોના મોત, સતાવણી અને લશ્કરના છુપા ઓપરેશન્સનો ખુલાસો કરવા બદલ યુધ્ધ વિરોધી ઝુંબેશકર્તાની પ્રશંસા મેળવી હતી. ઈરાક અને અફઘાનના યુધ્ધો પર અમેરિકાના પાંચ લાખ જેટલા દસ્તાવેજો તેણે જારી કર્યા હતા. જો કે અમેરિકા અને તેના સહયોગી દેશોના સુત્રો, ઈન્ટેલિજન્સ ટેકનીક્સ અને મહત્વના માળખાગત સાઈટ્સ અંગેની માહીતી જણાવીને જીવના જોખમ સર્જવાનો તેના પર આરોપ મુક્યો છે. અમેરિકામાંથી તેને હાંકી કાઢ્યો હતો.

અસાંજેનો જન્મ ઓસ્ટ્રેલીયાના ટાઈનવિલેમાં ૩ જુલાઈ,૧૯૭૧માં થયો હતો.પોતાના બાળપણ અને જવાનીના દિવસોમાં કુલ મળીને તેણે ૩૭ સ્કુલ એટેન્ડ કરી હતી. ૧૯૯૦માં એક કોમ્પ્યુટર પ્રોગ્રામર અને સોફટવેર ડેવલપર બનનાર અસાંજેએ વિકિલિસ.ઓરગે.નામની સંસ્થાની શરુઆત કરી હતી.તે હેકીંગમાં માસ્ટર હતો.૨૦૧૦માં વિકીલીક્સે મોટી સંખ્યામાં સેનાથી જોડાયેલા અમેરિકાના ગુપ્ત દસ્તાવેજોને પબ્લીસ કર્યા હતા.

૨૦૧૬માં વિકિલીક્સે ડેમોક્રેટ હિલેરી ક્લિન્ટનની ટીમે અમેરિકી ચુંટણી અભિયાનમાં મોકલવામાં આવેલા વીસ હજાર હેક કરાયેલા ઈમેલ જાહેર કરી દીધા હતા.જો કે અસાંજેએ ઈક્વીડોરની નાગરિકતા મેળવી લીધી હતી. અસાંજેએ અનેક દેશોના ગુપ્ત દસ્તાવેજો પ્રસિધ્ધ કરીને તેની પર રશિયા સાથે કામ કરતા હોવાનો આરોપ મુકાયો હતો.છેલ્લા કેટલાક વખતમાં તેણે અમેરિકાથી જોડાયેલા દસ્તાવેજો લીક કરવાનો સીલસીલો વધારી દીધો હતો. હવે તેનું પ્રત્યાર્પણ થશે કે કેમ તે જોવાનું.



## ગોરક્ષા અભિયાન છતાં ભારતની ગૌમાંસ નિકાસમાં ફરી વધારો થયો

ભારતની બીફ (ગૌમાંસ) નિકાસમાં વધારો જોવાયો છે.જો કે નરેન્દ્ર મોદી સરકારની ગત વર્ષની બીફ નિકાસમાં થયેલા ઘટાડાની તુલનામાં આ વધારો ઘણો મામુલી છે. એક મુખ્ય ગ્લોબલ દક્ષિણપંથી સંગઠનના એ દાવાઓ પછી પણ તેમાં કહેવામાં આવ્યું છે કે ગોરક્ષકો અંગે બનાવાયેલા આકરા કાયદાઓ પછી પણ બીફની નિકાસમાં વધારો નોધાયો છે.ભારત દુનિયાનો સૌથી મોટો બીફ નિકાસ કરતો દેશ છે.



હ્યુમન રાઈટ્સ વોચના રિપોર્ટમાં જણાવાયું છે કે ભારતમાં ગૌરક્ષા સમુહો દ્વારા કરાયેલા હુમલાથી ભારતની બીફ નિકાસમાં ઘટાડો જોવાયો હતો. એપીડીના ડેટા અનુસાર ૨૦૧૪માં જ્યારે મોદી સરકાર સત્તા પર આવી ત્યારથી બીફ નિકાસમાં ઘણા વધારો થયો હતો.નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫માં ગૌમાંસની નિકાસ ૧૪૭૫૫૪૦ મેટ્રીક ટન હતી. જે ૧૦ વર્ષમાં સૌથી વધુ હતી. ૨૦૧૩-૧૪માં આ નિકાસ ૧૩૬૫૬૪૩ મેટ્રીક ટન રહી હતી.જો કે આ આંકડો આજ નાણાંકીય વર્ષોમાં ઓછો થતો ગયો અને તેમાં લગભગ ૧૧ ટકાનો ઘટાડો જોવાયો હતો.ઝડપથી ગૌમાંસની નિકાસમાં ઘટાડો મોબ લિંચિંગની પ્રથમ ઘટનાની સાથે થઈ હતી.

સપ્ટે. ૨૦૧૫માં ઉત્તરપ્રદેશમાં દાદરી જિલ્લાના બિસારા ગામમાં ગૌહત્યાની આશંકા પર ભીડે મોહમ્મંદ અખલાકની હત્યા કરી નાંખી હતી. હ્યુમન રાઈટ્સ વોચના રિપોર્ટમાં જણાવાયું હતું કે ભારત દુનીયામાં સોથી મોટો બીફ નિકાસ કરતો દેશ છે.જે પ્રતિવર્ષ ૪૦૦ કરોડ અમેરિકન ડોલરનું ભેસનું માંસ નિકાસ કરે છે.૨૦૧૪માં ભાજપ સરકાર સત્તામાં આવ્યા પછી નિકાસમાં વધુ ઘટાડો થયો છે. અને ઉત્તર પ્રદેશ રાજ્યમાં ભાજપની સરકાર દ્વારા કરાયેલી કાર્યવાહીએ ટોચના માંસ(ઉત્પાદક રાજ્યમાં વ્યાપારના ભવિષ્ય અંગે અનો અનિશ્ચિતતાઓને જન્મ આપ્યો છે.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
**http://jagadishchristian.com**
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

લોકસભાની ચુંટણી માટે મતદારોને આર્કષવા માટે પોતાના આર્કષક ચુંટણી ઢંઢેરા રાજકીય પક્ષો બહાર પાડી રહ્યા છે.અને તેમાં અપાતા વિવિધ પ્રકારની ચુંટણી વચનો ક્યારેય પુરા ન કરી શકાય તેવા હોય છે. ૨૦૧૪માં લોકસભાની ચુંટણી વખતે બે વચનોની વાત કરીએ તો ભાજપ તરફથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ છુટ્ટા હાથે પીરસેલી વાનગીની જેમ વિદેશમાં જતા રહેલા દેશના કાળા નાણાં દેશમાં પરત લાવીને દરેક નાગરિકના ખાતામાં રુ.૧૫ લાખ જમાં કરાવવામાં આવશે તેવી વાતને લોકોએ જુમલો નહી માનીને ખોબલે ખોબલે મત આપ્યા અને ત્યારબાદ આ એક ચુંટણી જુમલો હતો તેવું ભાજપના અનેક નેતાઓ બોલી ચુક્યા છે.મતદારોને છેતરવા માટે ઉપયોગમાં લેવાતા આવા ચુંટણી ઢંઢેરાને ચુંટણી પંચે પણ માન્યતા ના આપવી જોઈએ.

ખેર,ઉમેદવારો નકક્ી કરવામાં પણ જાતીય સમીકરણોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.પરંતુ આજ દીન સુધી થતી આવેલી ચુટણીઓમાં મુખ્ય મુદ્દો રોજગાર હોવો જોઈએ તે નથી.દેશના લોકોની જરુરીયાત રોટી, કપડાં અને મકાન છે તેનાથી વિશેષ તેને કાંઈ જોતું નથી.એવા અનેક લોકો છે તેમને બે ટંક પુરતુ ભોજન નથી મળતું.શિક્ષણ,આરોગ્યની કમી હોવાને કારણે દેશનો ઝડપી વિકાસ શક્ય બનતો નથી.એવું નથી કે આ બાબતે સરકારે કોઈ પ્રયત્ન કર્યા નથી પરંતુ પુરતા નાણાં અને તેની વ્યવસ્થાઓ થઈ શકી નથી. આ ઉપરાંત સરકારી મશીનરીને યોજનાઓ જાહેર કરીને તેમાંથી તેમને તેમનો કસ કાઢવાની વૃત્તિથી લોકો સુધી લાભો પહોચ્યા જ નથી.પરિણામે પાણી,વીજળી, રોટી જેવા બહુમુલ્ય પ્રશ્નોનું નિરાકરણ સહેલું બન્યું નથી.

એક એનજીઓ દ્વારા કરાયેલ સર્વેમાં દેશના નાગરિકો શું ઈચ્છે છે તેનું તારણ કાઢવામાં આવ્યું.જેમાં લગભગ ૯૮ ટકા લોકો એવું ઈચ્છે છે કે જે કોઈ ઉમેદવાર આવે તે ગુનાઈત રેકોર્ડ ધરાવતો ના હોવો જોઈએ.જ્યારે દેશની ચુંટણીમાં આવા કલંકિત ઉમેદવારોની લાંબી લાઈન ઉભી છે.કોઈપણ પક્ષ આવા ઉમેદવારોની હકાલપટ્ટી કરતો નથી.પરિણામે માફીયા ગેંગના લોકો રાજકારણમાં પ્રવેશી જાય છે.લોકોની અપેક્ષા મુજબ રોજગાર,આરોગ્ય સેવા,પીવાનું પાણી, રોડ રસ્તાઓ,પરિવહન, સિંચાઈ માટે પાણીની વ્યવસ્થા, ખેતી માટે સરળ લોન,ખેત પેદાશોના સારા ભાવો,ખાતરના ભાવોમાં રાહત અને સારી કાયદો વ્યવસ્થા ઈચ્છે છે. શું આ શક્ય છે.આપણે જેને ચુંટીને મોકલીએ છીએ તે શું આ આપણી અપેક્ષાને સંતોષી શકે તેમ છે ?

## મંતવ્ય

ચુંટણી પહેલા દેશમાં અનેક લોકોએ ઈવીએમ મશીનોમાં ચેડા થઈ શકે છે તેવી વાત ચાવી ચાવીને રજુ કરી હતી પરંતુ ચુટણી પંચે તે અંગે પોતાનો જ કક્કો ચલાવે રાખ્યો હતો. ઈવીએમ મશીનો હેક કરીને ચુંટણી જીતી શકાય છે તેવા દાવાઓ પણ થયા હતા અને જો કે તેમાં કેટલી સચ્ચાઈ છે તે નક્કર કહી શકાય નહીં પરંતુ તેમાં તથ્ય જરુર છે. હવે જ્યારે ૨૦૧૯ની ચુંટણીમાં કેટલીક જગ્યાઓ પર બટન દબાવતાં અન્ય ઉમેદવારોને વોટ જાય છે તે અંગેની ફરિયાદ કરવામાં આવી રહી છે અને તેના પુરાવા પણ આપવામાં આવ્યા છે. જો આજ પ્રમાણે ચાલતું હોય તો તેનો મતલબ એ છે કે દેશમાં જેની આવડત હોય તે ચુંટણીઓ જીતી શકે અને પોતે પોતાની ગાદી સલામત રાખી શકે.

ચુંટણી ઢંઢેરામાં મતદારોને જે રીતે લલચાવીને બેવકુફ બનાવવાની રીતો અજમાવાઈ રહી છે તેની કોઈ નિદા કરતું નથી.ઉપરથી ભાજપ અને કોગ્રેસ સહુ પોતાની વાતોમાં તથ્ય છે તેવું સાબિત કરવા પ્રયત્ન કરે છે.લોકશાહીમાં આવું ધોર પાપ કરવું જોઈએ નહીં.

શંકરભાઈ કે. પ્રજાપતિ

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

# તાજેતરમાં કોગ્રેસ પક્ષમાં જોડાયેલ અભિનેત્રી ઉર્મિલા માંતોડકર ને સોશ્યલ મીડીયા પર કેસરી બ્રિગેડે ટ્રોલ કરતાં તેનો અભિનેત્રીએ આકરો જવાબ આપ્યો

હાલમાં જ કોગ્રેસમાં સામેલ થયેલી અભિનેત્રી ઉર્મિલા માંતોડકરે કહ્યુ છે કે તેણે ક્યારેય પોતાનો ધર્મ બદલ્યો નથી. તેણે કહ્યુ હતું કે તેના પતિ એટલા જ ગૌરવશાળી મુસ્લીમ છે જેટલી પોતે એક ગૌરવશાળી હિન્દુ છે.એક ઈન્ટરવ્યુમાં ઉર્મિલાએ કહ્યુ હતું કે આ જ આપણા દેશની સુંદરતા છે કે વ્યક્તિ જેમ રહેવા ઈચ્છે તેમ એ રહી શકે છે. તેણે કહ્યુ હતું કે ટ્રોલ કરનારા ઈસ્લામને એક ખાસ રંગમાં રંગવાની કોશિશ કરી રહ્યા છે. મુસ્લીમ વ્યક્તિ સાથે લગ્ન અંગે ટ્રોલ કરવાની વાત અંગે ઉર્મિલાએ કહ્યુ હતું કે એવા લોકો નફરત અને બદલાની રાજનીતી કરે છે. આ દરમિયાન તેણે ભાજપના પાંચ વર્ષના કાર્યકાળ અંગે પણ સવાલ ઉઠાવ્યો હતો.



ઉર્મિલાએ ઈન્ટરવ્યુમાં કહ્યુ હતું કે કોઈપણ વ્યક્તિ છેલ્લા પાંચ વર્ષમાં થયેલા વિકાસની વાત કરતી નથી.ટ્રોલ કરનારા લોકો એ સાબિત કર્યુ છે કે તેઓ કેટલા નીચા સ્તર સુધી જઈ શકે છે. તેણે કહ્યુ હતું કે સૌને લાગે છે કે રાજનીતિમાં એક ગ્લેમર ડોલ ( ઢીંગલી) આવી ગઈ છે. ઉર્મિલાએ કહ્યુ હતું કે તે બોલવા કરતાં પોતાના કામથી સૌને જવાબ આપશે. તાજેતરમાં કેટલીક ફિલ્મી હસ્તીઓએ અસહિષ્ણુતાના મુદ્દે ભાજપની કેસરીયા બ્રિગેડ પર પોતાનો આક્રોશ જાહેર કર્યો હતો. પરંતુ તેમની કીચડ ઉછાળવાની પ્રવૃત્તિ બંધ થઈ નથી.જો કે ઉર્મિલાએ તેનો મુંહતોડ જવાબ આપીને હાલ પુરતી તો તેમની બોલતી બંધ કરી દીધી છે. પરંતુ જ્યારે તેમના આકાઓ ફરીથી આદેશ આપશે એટલે આ બધી બ્રિગેડ પોતાની રીત રસમો ચાલુ કરી દેશે.તેથી જ ફિલ્મ ઈન્ડ્રસ્ટીઝમાં વિરોધનો વંટોળ થયો છે.

# દેશની વર્તમાન હાલત સામે નિર્માતાઓ,લેખકો પછી ૧૫૦ વૈજ્ઞાનિકોએ અસમાનતા વિરુધ્ધ મતદાનની અપીલ કરી

દેશના ફિલ્મ નિર્માતાઓ,લેખકો, અને ૧૫૦થી વધુ વૈજ્ઞાનિકોએ 'મોબ લિચિંગ' અર્થાત ટોળા દ્વારા થતી હત્યા સાથે જોડાયેલા લોકોને વોટ નહીં આપવા અપીલ કરી છે.આની સાથે જ અસમાનતા,ભેદભાવ અને ભયના માહોલ વિરુધ્ધ વોટ કરવાનું ભારપુર્વક કહ્યું છે. મીડીયા અહેવાલ અનુસાર ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયંન્સ એજ્યુકેશન એન્ડ રીસર્ચ, ઈન્ડીયન સ્ટેટિકલ ઈન્સ્ટીટયુટ, અશોકા યુનીવરસીટી,અને ઈન્ડીયન ઈન્સ્ટીટયુ ઓફ ટેકનોલોજીના વૈજ્ઞાનિકોએ અપીલ કરવામાં સામેલ છે. ૧૫૦થી વધુ વૈજ્ઞાનિકો દ્વારા કરાયેલા નિવેદનમાં કહેવાયું છે કે આપણે એવા લોકોને હટાવી દેવા જોઈએ, જે લોકોને મારવા પર પ્રોત્સાહિત કરે છે કે પછી એમની પર હુમલા કરે છે. જે લોકો ધર્મ, જાતિ,લિંગ, ભાષા કે ક્ષેત્રના વિશેષના કારણે ભેદભાવ કરે છે. આ સાથે તેમણે એમ પણ કહ્યુ હતું કે દેશની વર્તમાન હાલતમાં વૈજ્ઞાનિકો,કાર્યકર્તા અને તર્કવાદી લોકો ગભરાઈ ગયા છે.અસહમતી દર્શાવનારને હેરાન કરવા, જેલમાં બંધ કરવા, હત્યા કરવા જેવી ઘટના બની રહી છે. આ વૈજ્ઞાનિકોએ મતદારોને અપીલ કરી છે કે આવો માહોલ ખતમ કરવા માટે ખુબ વિચારીને પોતાના મતાધિકારનો ઉપયોગ કરજો. આ સાથે મતદારોને વૈજ્ઞાનિક સ્વાભાવ પ્રત્યે પોતાના બંધારણીય કર્તવ્યે યાદ રાખવાનો ઉલ્લેખ કરાયો છે.આ પહેલાં ૨૦૦થી વધૂ લેખકો,કલાકારો પમ આ પ્રકારની અપીલ કરી ચુક્યા છે.

ઈન્ડીયન રાઈટર્સ ફોરમ દ્વારા કરાયેલી અપીલમાં લેખકોએ કહ્યુ છે કે આ મતદાન ભારતની વિવિધતા અને સમાનતાના અધિકાર માટે હશે.એનાથી ભારતીય સંવિધાનના મુળભુત મુલ્યોને બચાવવામાં મદદ મળશે.છેલ્લે નિર્ણય ભારતના મતદારોએ કરવાનો છે.

# ઓગસ્ટા વેસ્ટલેન્ડ કૌભાંડના વચેટીયા મિશેલે ઇડી દ્વારા દાખલ કરાયેલી ચાર્જશીટને દિલ્હીની કોર્ટમાં પડકારી

ઓગસ્ટા વેસ્ટલેન્ડ વીવીઆઈપી ચોપર કૌભાંડમાં પકડાયેલા વચેટીયા ક્રિશ્ચિયન મિશેલે ઈડીની સપ્લિમેન્ટ્રી ચાર્જશીટને દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટમાં પડકારી છે. ઈડી દ્વારા દાખલ કરાયેલી ચાર્જશીટ સૌથી પહેલા મીડીયામાં ફેલાય છે અને બાદમાં અમારા સુધી આવે છે. ઈડી દ્વારા મારા હવાલે જે નામ જાહેર કરવામાં આવ્યા છે તેવા કોઈ નામનો ખુલાસો મે કર્યો જ નથી. તેણે જણાવ્યુ હતું કે મે હજી સુધી એજન્સી સામે તપાસમાં કોઈ નામ જણાવ્યા નથી.છતાં મારા હવાલે મીડીયામાં કેટલાક નામો ફરતાં થઈ ગયા છે.બીજી તરફ વડાપ્રધાન મોદી અને ભાજપના અન્ય નેતાઓએ ઈડીની ચાર્જશીટના આધારે કોગ્રેસ પર હુમલા કર્યા છે.જેના માટે આ સરકાર જાણીતી છે તે પ્રમાણે સરકાર વર્તી રહી છે. જ્યાં સુધી આરોપો સિધ્ધ ના થાય ત્યાં સુધી કોઈના નામોનો ઉલ્લેખ કરીને તેમને બદનામ ના કરી શકાય પરંતુ ચુંટણીમાં જેટલો ફાયદો લઈ શકાય તે લઈ લેવાની ગણતરીઓથી આ બધી કાર્યવાહી થતી જણાય છે.કોગ્રેસે ઈડીની ચાર્જશીટ અને ભાજપના નેતાઓના આક્ષેપો ખોટા ગણાવ્યા છે.કોગ્રેસે ભાજપ ઉપર કાયદાના નામે રાજકીય લાભ લેવાનો આરોપ મુક્યો હતો.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

# ભારત વિશ્વમાં સહુથી વધુ વેરાની વસુલાત કરતો દેશ છે : ડોનાલ્ડ ટ્રમ્પ



ભારત વિશ્વમાં સૌથી વધુ ટેક્સની વસુલાત કરતાં દેશોમાંથી એક છે તેવો આક્ષેપ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કર્યો છે.તેમણે આઈકોનિક હાર્લી ડેવીડસન મોટરબાઈક સહિત અમેરીકી પેદાશો પર ૧૦૦ ટકા જકાત લાદવા માટે ભારતની ફરી એકવાર ટીકા કરી હતી.નેશનલ રિપબ્લિકન કોગ્રેસનલ કમિટીના એક સમારંભમાં ટ્રમ્પે કહ્યુ હતું કે આટલો ઊંચો જકાતનો દર યોગ્ય નથી.ઉલ્લેખનીય છે કે આ વર્ષની શરુઆતમાં ટ્રમ્પે કહ્યુ હતું કે તેઓ હાઈ-એન્ડ હાર્લી ડેવીડસન પર આયાત જકાતનો દર ૧૦૦ ટકાથી ઘટાડીને ૫૦ ટકા કરવાના ભારતના નિર્ણયથી સંતુષ્ઠ છે. જો કે આ દર પુરતો નથી. પરંતુ ચાલશે તેમ તેમણે ઉમેર્યુ હતું.

ટ્રમ્પે અનેક વખત દાવો કર્યો છે કે ભારત એક ટેરિફ કિંગ છે અને તેણે અમેરિકન પેદાશો પર મોટાપાટે દરો લાદ્યા છે.ટ્રમ્પે ઉમેર્યુ હતું કે મને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી તરફથી કોલ આવ્યો હતો. ભારત વિશ્વમાં સૌથી વધુ ટેક્સ લેતા દેશમાં સ્થાન ધરાવે છે તેઓ ૧૦૦ ટકા સુધી વેરો લે છે. ભારતીય જકાત દરના માળખા પર આકરી ટિપ્પણી કરતાં ટ્રમ્પે ઉમેર્યુ હતું કે ભારત અનેક ચીજો પર ૧૦૦ ટકા જકાત વસુલે છે તેઓ એક મોટરસાઈકલ મોકલે છે તો તેમાંથી અને ભારતીય મોટરસાઈકલ બની જાય છે.તેઓ એ સાઈકલો અમારા દેશમાં મોકલે છે અને અમે તેના પર કંઈ કરી શકતા નતી. અમે હાર્લી ડેવીડસન મોકલીએ તો તેઓ ૧૦૦ ટકા ચાર્જ લે છે તે યોગ્ય નથી.

# યુએઇનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર માટે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને નવાજાયા

ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીને યુએઈનો સર્વોચ્ચ પુરસ્કાર જાયદ મેડલથી સન્માનિત કરવામાં આવશે.યુએઈના રાષ્ટ્રપતિ શેખ ખલીફાએ આ અંગે ટ્વીટ કરીને જાણકારી આપી હતી.



ઝાયેદ મેડલ યુએઈનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર છે.જે રાજા,રાષ્ટ્રપતિ કે પછી રાષ્ટ્રપ્રમુખને એનાયત કરવામાં આવે છે.વડાપ્રધાન મોદીને આ સન્માન બંને દેશ વચ્ચેની લાંબા ગાળાની મિત્રતા અને સંયુક્ત રણનીતીક સહયોગને મજબુત બનાવવામાં તેમની ભુમિકા બદલ આપવામાં આવ્યુ છે.આ સન્માન અંગે અભુધાબીના ક્રાઉન પ્રિન્સ અને યુએઈની સેનાના નાયબ સુપ્રીમ કમાન્ડર શેખ મોહમદ બિન જાયદ અલ નહયાને જણાવ્યું હતું કે ભારતીય વડાપ્રધાને દ્વિપક્ષીય સબંધોના વ્યાપક વ્યુહાત્મક સંબધોના સ્તરને સુધારવામાં મહત્વપુર્ણ ભુમિકા ભજવી છે. તેમણે જણાવ્યુ હતું કે અગાઉ પ્રિય મિત્ર ભારતીય વડાપ્રધાનને ઝાયેદ મેડલ પ્રદાન કરીને અમે મૈત્રીભર્યા સબંધો વિકસિત કરવા અને ભિન્ન ક્ષેત્રેમાં સંયુક્ત આરબ અમિરાત અને ભારત વચ્ચે સહયોગ વધારવા તેમની ભુમિકા અને પ્રયાસો બદલ તેમની પ્રશંશા કરીએ છીએ.બંને દેશો વચ્ચે સહકાર વધે તે માટે ભાવાત્મક વાતાવરણ કેળવવા માટે તેમના પ્રયાસો છે. તેમ ખલીજ ટાઈન્સમાં કહેવાયું છે.

# ચીને અરુણાચલને તેનો ભાગ નહી દર્શાવતાં તીસ હજાર નકશાઓનો નાશ કરી પોતાનો દાવો રજુ કર્યો

ચીને અરુણાચલ પ્રદેશને પોતાનો જ ભાગ માને છે તેની વધુ એક પ્રતીતી થઈ છે. આ મામલે પાડોશી દેશનું વળગણ એટલી હદે છે કે નકશામાં અરુણાચલ પ્રદેશ અને તાઈવાનને નહી દર્શાવવામાં આવતાં તેણે નિકાસ માટે તીસ હજારથી વધુ નકશાનો નાશ કરી દીધો હતો.ઉલ્લેખનીય છે કે ચીન ઉત્તર પુર્વ ભાગના આ ભારતીય રાજ્ય પર પોતાનો દાવો કરી રહ્યું છે. આ મામલે તેનો દાવો ઉભો રહે તે માટે તે અરુણાચલની મુલાકાતે જતાં ભારતીય નેતાઓનો સતત વિરોધ કરી રહ્યું છે. જો કે ભારત સતત એમ કહેતું રહે છે કે અરુણાચલ પ્રદેશ એ ભારતનું અવિભાજ્ય અંગ છે અને ભારતના નેતાઓ દેશના અન્ય ભાગોની જેમ આ રાજ્યની મુલાકાતે પણ જતા હોય છે.અત્યાર સુધીમાં બંને દેશોએ ૩૪૮૮ કી.મી.લાંબી અકુંશ રેખાને આવરી લેતા સરહદી વિવાદનો ઉકેલ લાવવા માટે ૨૧ રાઉન્ડ વાટાઘાટો હાથ ધરી છે. આ ઉપરાંત ચીન તરછોડી દેવામાં આવેલા ટાપુ તાઈવાનને પણ તેનો ભાગ માને છે. તે તાકાતથી આ ટાપુને તેના પ્રદેશમાં ભેળવી દેવા માંગે છે. ચીનમાં છપાયેલા એક મેપમાં એક નામ નહીં જાહેર કરાયેલા દેશને મોકલવામાં હતા પરંતુ તેમાં અરુણાચલ પ્રદેશ અને તાઈવાનને ચીનનો ભાગન દર્શાવવામાં આવતાં આશરે ૩૦,૦૦૦ જેટલા ખોટા નકશાનો નાશ કરાયો હતો.ચાઈનીઝ પ્રોવિન્સ અનહુઈમાં તૈયાર થયેલા આ નકશા ઈગ્લીસ ભાષામાં હતા. ચીન એવું માને છે કે અરુણાચલ પ્રદેશ તિબેટ ઓટોનોમસ રિજનનો દક્ષિણીય હિસ્સો છે.

૨૦૧૭માં ચીને અરુણાચલ પ્રદેશના ૭ સ્થળના નામ બદલીને ચાઈનીઝ કરી નાંખ્યા હતા. દલાઈ લામાએ ઉત્તર પુર્વીય ભારતના આ સરહદી રાજ્યની મુલાકાત લીધી તેના વિરોધમાં ચીને આ અવળચંડાઈ કરી હતી.ચીને ગયા વર્ષે જુલાઈમાં ભારતની રાષ્ટ્રીય વિમાની કંપની એર ઈન્ડીયાની તાઈવાન ફલાઈટનું નામ તેની વેબસાઈટ પર બદલીને ચાઈનીઝ તાઈપેઈ કરી નાંખ્યું હતું.

# ભાજપને મત ન આપવા માટે હવે ૬૦૦ જેટલા નાટ્યકારોની લોકોને અપીલ

લોકસભાની ચુંટણી ૨૦૧૯માં હવે ગીરીશ કર્નાડ,નસીરુદીન શાહ,અમોલ પાલેકર,રત્ના પાઠક,સહિતના ૬૦૦ જેટલા ફિલ્મી કલાકારો નાટ્યકારોએ લોકોને અપીલ કરી છે કે તેઓ ભાજપ અને તેના સાથી પક્ષોને વોટ ન આપે.થિયેટર અને આર્ટ સાથે જોડાયેલા ૬૦૦થી વધુ હસ્તીઓએ ભાજપને વોટ ન આપવાની અપીલ કરી છે. આ તમામ હસ્તીઓએ એક પત્ર લખીને લોકોને કહ્યુ છે કે વોટ આપીને ભાજપ અને તેના સાથીદારોને સત્તામાંથી દુર કરો. આ નાટ્યકારો અને અન્ય કલાકારોએ અપીલ કરી છે કે બંધારણની રક્ષા કરો અને કટ્ટરતા,ઘૃણા.અને નિષ્ઠુરતાને સત્તામાંથી બહાર ફેકી દો.

આ અપીલ હસ્તાક્ષર કરનારાઓમાં નાટ્યકાર ગિરીશ કર્નાડ,મહેશ એલ કુંચવાર,અમોલ પાલેકર,નસીરુદીન શાહ, રત્ના પાઠક,કોકણાસેન શર્મા,નિર્દેશક અનુરાગ કશ્યપ,અનુરાધા કપુર, અનામિકા હકસર,અને અતુલ કુમાર, પુરસ્કાર વિજેતા કઠપુતળી કલાકાર દાદી પુદુમજી અને અનુરુપા રોય, રંગા શંકર, અરુણ નાગર,નાગેન્દ્ર, એમ કે રૈના, અને ઉષા ગાંગુલી જેવી હસ્તીઓ પણ સામેલ છે.આ કલાકારોએ કહ્યુ હતું કે ભારતની અને તેનું બંધારણ જોખમમાં છે ભાજપને વોટ ન આપશો.આમ ફિલ્મ જગતમાંથી ભાજપને નન્નયો આપ્યો

કાકાકૌઆ તેની કલગીનો ઉપયોગ એકબીજાને ઈશારો કરવા માટે કરે છે.

વીછી રણ પ્રદેશમાં ૧૧૬ ડીગ્રી ફેરનહીટ જેટલી ગરમીમાં પણ જીવતો રહી શકે છે.

છછુંદર એક રાતમાં ૩૦૦ ફુટ ઉંડો ખાડો ખોદી શકે છે.


કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઓડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે



AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

ડૉ.હેમેન્દ્ર જી. પરીખ

પી.જી.યોગા,ડીએચએમએસ

યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ

એકસ.સીની.કન્સલ્ટન્ટ,

રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ

એકસ.સીની.કન્સલ્ટન્ટ

મોરારજી દેસાઇ આરોગ્યધામ,

હેલ્થ-વેલ્થ પ્લાનર

ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર

મો.૯૩૭૬૧ ૦૦૮૯૮

E.mail : drhamparikh@yahoo.co.in

જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# ગુડ ફ્રાઈડે અને ઈસ્ટર : ખ્રિસ્તીઓ માટે મહત્વનું પર્વ

૧. ભગવાન ઈસુના અનુયાયીની ઓળખ (આઈડેન્ટીટી) કઈ છે તે ભગવાન ઈસુના મુખેથી સાંભળવાનું જાણવાનું અને તેને આચરણમાં મૂકવા માટેનું પર્વ .ઈસુના અનુયાયી (ખ્રિસ્તી)ની ઓળખ આ છેઃ

**"તમે મારા શિષ્યો છો (અનુયાયીઓ, ખ્રિસ્તીઓ છો) એમ જગત તો જ જાણશે જો તમે પરસ્પર પ્રેમ રાખતા હશો." (યોહાન ૧૩:૩૫)** તથા

૨. ઈશ્વર ક્યાં વસે છે અર્થાત તેના **ઘરનું (રેસીડેન્સનું) સાચું એડ્રસ** જાણવાનું પર્વ.

ભગવાનના ઘરનું એડ્રસ આ છેઃ

**"જ્યાં પ્રેમ ને રહેમ ત્યાં (જ) આપણા પ્રભુજીનો વાસ રે. બીજે ક્યાંય નહિ"**

"તે વખતે જો કોઈ તમને કહે કે, 'જુઓ, આ રહ્યા ખ્રિસ્ત', અથવા એમ કહે કે, 'પેલા રહ્યા ખ્રિસ્ત' તો માનશો નહિ. ખોટા ખ્રિસ્ત અને ખોટા પયગંબરો જાગશે, અને સંભવિત હોય તો ઈશ્વરના વરેલાઓને પણ ભરમાવવા માટે પરચા અને ચમત્કારો કરી બતાવશે, પણ તમે સાવધાન રહેજો, મે તમને પહેલેથી બધી વાતે ચેતવ્યા છે."

## ગુડ ફ્રાઈડે ક્ષમા આપવાનો ને સુસંબંધો કેળવવાનો શુભ અવસર

મારી સમક્ષ આજે ભગવાન ઈસુના જીવનના બે પ્રસંગોનાં દશ્યો ખડાં થાય છેઃ

**પહેલું દશ્યઃ ગિરિશૃંગ**

એક પહાડ પર લોકોનું મોટું ટોળું ભગવાન ઈસુને સાંભળવા ભેગું થયું છે. ઈસુ તેમને ઉપદેશ આપતાં કહે છેઃ

"આંખને સાટે આંખ અને દાંતને સાટે દાંત એમ કહેલું છે તે તમે જાણો છો. એથી ઊલટું, હું તમને કહું છું કે, તમારું બૂરું કરનારનો સામનો કરશો નહિ. બલકે, જો કોઈ તારા જમણા ગાલ ઉપર તમાચો મારે, તો તેની આગળ બીજો ધરવો. જો કોઈ તારા પહેરણ માટે દાવો કરવા તાકે, તો તેને તારે ડગલો સુદ્ધાં આપી દેવો. અને જે કોઈ તને એક કોસ ચાલવાની ફરજ પાડે તેની સાથે બે કોસ ચાલવા. જે કોઈ તારી પાસે માગે તેને આપ, અને જો કોઈ ઉછીનું લેવા આવે તો મોં ન ફેરવીશ."

"તારા મિત્ર ઉપર પ્રેમ રાખ અને તારા શત્રુ ઉપર દ્વેષ રાખ એમ કહેલું છે તે તમે જાણો છો. પણ હું તમને કહું છું કે, તમારા શત્રુ ઉપર પ્રેમ રાખો અને તમને રંજાડનાર માટે દુઆ માગો, તો જ તમે તમારા પરમપિતાનાં સાચાં સંતાન થઈ શકશો. તે કેવો, ભલા ને ભૂંડા સૌને સૂર્યનો પ્રકાશ આપે છે, અને પાપી અને પુણ્યશાળી સૌને માટે વરસાદ વરસાવે છે."

"તમારા ઉપર પ્રેમ રાખે તેમના ઉપર જ તમે પ્રેમ રાખો એમાં તમે બદલો મેળવવા જેવું શું કર્યું? એવું તો જકાતદારો પણ ક્યાં નથી કરતા? તમે ફક્ત તમારા સ્નેહસંબંધીઓને જ વંદન કરો તો એમાં તમે વિશેષ શું કર્યું? એટલું તો વિધર્મીઓ પણ ક્યાં નથી કરતા? પણ તમારે તો તમારા પરમપિતા જેવા પૂર્ણ છે તેવા જ પૂર્ણ બનવાનું છે."

**બીજું દશ્યઃ કાલવારી પહાડ ગોલગોથા**

અહીં પણ લોકોનું ટોળું ભેગું થયેલું છે. એ લોકો ક્રુસારોહણ ઈસુને સાંભળવા નહિ પણ એમની ઠઠ્ઠા મશ્કરી કરવા, હાંસી ઉડાવવા ભેગા થયા છે. ભગવાન ઈસુ તેમને ઉપદેશ આપે છે. શબ્દોથી નહિ પણ એમણે અગાઉ વિરોધીઓ ને શત્રુ પર પ્રેમ રાખવાનો ને ક્ષમા આપવાનો ઉપદેશ આપ્યા હતો તેને આચરણમાં મૂકી બતાવીને. માત્ર શબ્દોથી નહિ, બોલીને નહિ પરંતુ, આચરણમાં ઉતારીને.

ભગવાન ઈસુ પોતાના દુશ્મનોને ક્ષમા આપતાં કહે છેઃ "હે પિતા, આ લોકોને માફ કર; પોતે શું કરે છે એનું એમને ભાન નથી."

**ત્રીજું દશ્યઃ**

ક્રુસ પર જડાયેલા ઈસુ સામે જોઈને હવે હું મારું જીવન નિહાળું છું.

મારા નાના કુટુંબથી શરૂ કરીને મારું નિવાસ સ્થાન, મારું પેરીશ, મારો સમાજ, મારાં સગાંવહાલાં ને મિત્રો તથા સ્નેહીઓ, નોકરી અને કામના સ્થળે મારા સાથીકામદારો . . .

જેમની સાથે મારા સંબંધો છે, સંબંધો જાળવી રાખવા જોઈએ . . .એની યાદી તપાસી જોઉં. એમાંથી મેં, એક યા બીજા કારણે, કોઈની બાદબાકી કરી નાખી નથીને ? હવે પછી આના ઘેર નહિ જાઉં, એની સાથે નહિ બોલું, અને કંકોત્રી, નિમંત્રણ નહિ મોકલું . . .

હું બધાને માફી આપવા તૈયાર છું, પણ . . .એને તો નહિ જ.

હું બધા ગુના, બધી ભૂલો માફ કરવા તૈયાર છું પણ . . .આ ભૂલ ને આ ગુનો તો નહિ જ.

હા, એક શરતે હું એને માફ કરવા તૈયાર છું . . .

ક્રુસ પર ટીંગાયેલા ઈસુની સામે હું મીટ માંડીને જોઉં તો,

મારી આવી કોઈ દલીલ આજે કામમાં આવશે નહિ. કારણ ઈસુ બધાને, બધા જ ગુના બિનશરતે માફી આપે છે.

ભગવાન ઈસુ પાસે હું અરજ કરું કે તે મને મારા વિરોધીઓને માફ કરવા માટે હિંમત આપે.

ક્યારેય નહિ ને આજે આવા ક્ષમાવાન લોકોની તાતી જરૂરિયાત ઊભી થઈ છે. એમની હરોળમાં જોડાવા ભગવાન ઈસુ મને પાત્ર બનાવે એવી કૃપાઓ યાચું.

## ઈસ્ટર પર્વ

### સ્વર્ગની વસ્તુઓ પાછળ પડો

તમને ખ્રિસ્ત સાથે સજીવન કરવામાં આવ્યા છે, એટલે જ્યાં ખ્રિસ્ત ઈશ્વરને જમણે હાથે બિરાજમાન છે તે સ્વર્ગની વસ્તુઓની પાછળ પડો, અને સ્વર્ગની વસ્તુઓમાં જ તમારું ચિત્ત પરોવો, નહિ કે પૃથ્વીની; કારણ, તમે મરી ચૂક્યા છો અને તમારું જીવન પરમેશ્વરના સાન્નિધ્યમાં ખ્રિસ્તની સાથે ગુપ્ત રહેલું છે. જ્યારે તમારા જીવનરૂપ ખ્રિસ્ત પ્રગટ થશે ત્યારે તમે પણ તેમની સાથે મહિમાપૂર્વક પ્રગટ થશો. (કોલોસ્સા ૩:૧-૪)

★ ★ ★

તમને ખબર નથી કે થોડું ખમીર બધી કણકને આથો ચડાવે છે ? જૂનું ખમીર સાફ કરી નાખો જેથી તમે નવી કણક બની શકો.ખરું જોતાં તો, તમે બેખમીર જ છો. આપણા પાસ્ખાના બલિરૂપે ખ્રિસ્ત વધેરાયા છે; તો ચાલો, આપણે જૂના ખમીરથી અર્થાત્ પાપ અને દુરાચારના ખમીરથી નહિ, પણ નિર્મળતા અને સત્યની બેખમીર રોટીથી ઉત્સવ ઉજવીએ. (૧ કોરિંથ ૫:૬-૮)

★ ★ ★



ભગવાન ઈસુએ પાપ અને દુરાચારને પરાજય આપી તેના પર વિજય મેળવ્યો છે ને એ અર્થમાં નવું જીવન(પુનરૂત્થાન) પ્રાપ્ત કર્યું છે. ઈસુએ તેમના વિજયના આપણને પણ ભાગીદાર બનાવ્યા છે.

ઈસુના પુનરૂત્થાન દ્વારા આપણે પણ નવું જીવન પ્રાપ્ત કર્યું છે ને સંત પાઉલ કહે છે તેમ હવે આપણે સ્વર્ગની વસ્તુઓની પાછળ પડવાનું છે ને સ્વર્ગની વસ્તુઓમાં જ ચિત્ત પરોવાનું છે.

આપણા રોજબરોજના જીવનમાં - આપણા વિચાર, વાણી અને વર્તનમાં - એનાં અન્યોને દર્શન થવાં જોઈએ છે. પવિત્ર ગુરુવારે ઈસુએ તેના અનુયાયીઓને - એટલે કે આપણને - જે સાચી ઓળખ આપી તે સતત યાદ રાખીએ :

**" તમે મારા શિષ્યો છો એમ જગત તો જ જાણશે જો તમે પરસ્પર પ્રેમ કરતા હશો."**

અને

**"જ્યાં પ્રેમ ને રહેમ ત્યાં (જ) આપણા પ્રભુજીનો વાસ રે (બીજે ક્યાંય નહિ)".**

એટલે, હવે પછી ઈશ્વરને શોધવા ગમે ત્યાં દોડાદોડ ના કરીએ; અને ખોટાં એડ્રસથી સાવધાન રહીએ ને છેતરાઈ ના જઈએ.

### જૂનું ખમીર એટલે શું ?

એટલે, સ્વાર્થી, સ્વકેન્દ્રી, અપ્રામાણિક, જૂના પુરાણા રિવાજોને જડ રીતે વળગી રહેવું, મનમાં ને વ્યવહારમાં અન્ય માનવબંધુ-ભગિનીઓ સાથે નાત-જાત, ધર્મ-સંપ્રદાય અને લિંગભેદ રાખવો, મહિલાઓનું ગૌરવ ના કરવું ને એનો ભંગ થતો હોય ત્યારે ચૂપ રહેવું, બીજાઓની ધાર્મિક માન્યતાઓની ઉપેક્ષા કરવી, ભૌતિક સંપદા ભેગી કરવા દિવસ રાત દોડધામ કર્યા કરવી ને એમાં જ સુખ છે, એ જ જીવનનું ધ્યેય છે એવી માન્યતા કેળવવી . . .

### નવી કણક એટલે શું ?

ઈસુ રોજ રોજ લોકોનું ભલું કરતા ફર્યા. (He went about doing good). એટલે, ઈસુની જેમ પરલક્ષી, પરમાર્થી જીવન જેમાં ગરીબો-પીડિતો-વંચિતોને સ્થાન હોય તેવું જીવન જીવવું.

(પ્રેષકઃફાધર વિલિયમ)





**ગ્લોરી કેટરીંગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિંત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જ્હોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તિ સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨



**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.